# પટેલ કેળવણી મંડળ સંચાલિત

## એમ.એમ.ઘોડાસરા મહિલા કોલેજ

## જૂનાગઢ.

### આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ
### તા.8-3-2020

**માર્ગદર્શન:** પ્રિ.ડો.દિનેશ ડઢાણિયા **કાર્યક્રમ આયોજન :** પ્રો.ડો.રમેશ સાગઠિયા











































ભારત સરકારશ્રી - દિલ્હીનાં પરિપત્ર , ગુજરાત રાજય સરકારશ્રી - ગાંધીનગર તેમ જ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી - જૂનાગઢ દ્વારાં ઇ-મેઇલ દ્વારાં મળેલાં પરિપત્ર મુજબ તા. 8 માર્ચ 2020 રવિવારનાં રોજ 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ 'ની ઉજવણીનો કાર્યક્રમ આયોજિત કરી એનો અહેવાલ વિભાગીય અધિકારીશ્રીને મોકલવાનો હતો. સવિનય - તા.8 માર્ચ 2020 રવિવારની જાહેર રજા હોવાથી આ કાર્યક્રમ તા.7 માર્ચ શનિવારનાં રોજ એક દિવસ આગળ આયોજિત કર્યો હતો. એનાં અનુસંધાને અમારી કોલેજમાં કરેલો કાર્યક્રમ અને એનો અહેવાલ આ મુજબ છે.

અમારી કોલેજ એક મહિલા કોલેજ છે. વિદ્યાર્થીનીઓને શૈક્ષણિક ઉપરાંત સહ-શૈક્ષણિક પ્રવૃત્તિમાં સક્રિય ભાગીદારી વધારવા વખતોવખત વ્યક્તિગત અને સામુહિક માર્ગદર્શન પણ આપવામાં આવે છે. 'સપ્તધારા' અંતર્ગત વિવિધ ધારાઓની બહેનો ઉત્સાહ અને ઉમંગથી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લે છે. આ દિવસે પ્રથમ બે તાસ પૂર્ણ થયા બાદ રુમનંબર 101 માં રસ ધરાવતી વિદ્યાર્થીઓની 'વક્તૃત્વ સ્પર્ધા 'નું આયોજન કરવામાં આવેલું હતું . લગભગ સિતેર જેટલી વર્ગની ઉપસ્થિતિમાં ત્રીજા અને ચોથા તાસમાં સવારે 10.15 થી 12.10 સુધીનાં આ સ્પર્ધાત્મક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણ વિષય આપવામાં આવેલા હતાં. જ્ઞાનધારા અને સર્જનાત્મક અભિવ્યક્તિધારા સંલગ્ન અધ્યાપકોએ સ્પર્ધક બહેનોને માર્ગદર્શન આપ્યું હતું. પ્રો.રક્ષાબેન બાથાણી , પ્રો.જાગૃતિ જાદવ, પ્રો.સ્વિટી ધાબેલિયા, પ્રો.માનસી ઠકરાર, પ્રો.મયુરી રાજપરા, પ્રો.નિકુંજ ભૂત, પ્રો.ડો.નીતાબેન ધડૂકે વિશેષ માર્ગદર્શન આપ્યું હતું. કોલેજનાં આચાર્યશ્રી ડો.દિનેશ ડઢાણિયા એ પ્રાસંગિક વકતવ્ય આપેલું. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓનો ઉત્સાહ ઉડીને આંખે વળગે એવો રહ્યો હતો.

(1) 'પ્રાચીન ભારતીય પરંપરાઓ અને આજની નારી'.

(2) 'સાંપ્રત સમયમાં નારી : દિશા અને દશા'.

(3) 'પ્રતિભામૂર્તિ નારીઓ : જીવન અને સંઘર્ષ'.

સોળ જેટલી વિદ્યાર્થીનીઓ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આઠ જેટલા અધ્યાપકો આ સમગ્ર કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં. ત્રણ અધ્યાપકોએ નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી.





